## માણાવદર તીર્થ સ્થિત પ્રાસાદિક શ્રી અક્ષરદેરીનો પાટોત્સવ

શ્રી અક્ષરદેરી તુલ્ય શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિર, માણાવદરના પાટોત્સવ પ્રસંગે સંતભગવંત સાહેબજીની આજ્ઞાથી તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરીથી સદ્‌ગુરુ સાધુ પૂ. રતિદાદા સાથે ૧૫ જેટલા સંતો અને ધારીથી સદ્‌ગુરુ સાધુ પૂ. અરુણદાદા માણાવદર પધાર્યા. ૧૧ જૂન – પાટોત્સવની આગલી સંધ્યાએ સુંદર કીર્તન આરાધનાનું આયોજન થયું, જેમાં રાજકોટથી પધારેલ અક્ષરમુક્ત મુકુંદભાઈ સરૈયા અને સૂરવૃંદના ભક્તોએ આગવી શૈલીમાં ખૂબ સરસ ભજનોનાં ગાન દ્વારા સૌને ભક્તિમાં ગુલતાન કરી દીધાં. ત્યારબાદ સદ્‌ગુરુ સાધુ પૂ. અરુણદાદા અને સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકાએ આશીર્વાદ વરસાવ્યા.

૧૨ જૂન ૨૦૨૩ના રોજ માણાવદરની પ્રાસાદિક અક્ષરદેરીની મૂર્તિઓનો પાટોત્સવ વિધિ કરવામાં આવ્યો. સંતોએ ભક્તિભાવથી પાટોત્સવ મહાપૂજન કર્યાં અને ત્યારબાદ યજમાન અક્ષરમુક્તોએ પણ પૂજનનો દિવ્ય લાભ લીધો. સંતોએ સૌનાં આત્મિક કલ્યાણ અને સર્વાંગી સુખાકારી માટે ધૂન-પ્રાર્થના કરી રૂડા સંકલ્પો કર્યા. સંતોનાં માર્ગદર્શન મુજબ યુવાનો અને ગૃહસ્થ અક્ષરમુક્તોએ સાથે મળીને અન્નકૂટ અર્ઘ્ય અર્પણ કરવાની ભક્તિ અદા કરી. શ્રી ઠાકોરજીને ભક્તિભાવે થાળ અને આરતી અર્પણ કરી વંદના ધરવામાં આવી. આ પ્રસંગે માણાવદર અને સૌરાષ્ટ્રનાં આસપાસનાં મંડળોમાંથી મોટી સંખ્યામાં અક્ષરમુક્તો લાભ લેવા પધાર્યા.

પાટોત્સવ સભામાં સાધુ પૂ. પરેશદાસજી, સાધુ પૂ. દિનેશદાસજી (મોગરી) અને સાધુ પૂ. દિનેશદાસજી (માણાવદર)એ પ્રાસંગિક મહિમાગાન કરી પ્રાસાદિક મૂર્તિઓ તથા શાસ્ત્રીજી મહારાજ, યોગીબાપા, સંતભગવંત સાહેબજીના માહાત્મ્યનું તથા સ્થાનિક સંતો, અક્ષરમુક્તોના ગુણોનું દર્શન કરાવ્યું. સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકાએ આશીર્વાદમાં યોગીબાપા અને કાકાજી મહારાજની સ્મૃતિ કરી માણાવદર-અક્ષરદેરીની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા સમયના પ્રસંગનું વર્ણન કરી એકમના થવાની સમજ આપી તથા 'એકતા એ જ એકાંતિકપણું'ના સિદ્ધાંતને દૃઢ કરાવ્યો. સદ્‌ગુરુ સંત પૂ. અરુણદાદાએ મોટા પુરુષને અંતરથી રાજી કરવાની, પ્રાપ્તિના કેફનો આનંદ માણવાની તથા સંબંધવાળાને નિર્દોષ માનવાની રીત સમજાવી આશીર્વાદ આપ્યા. અંતે સાધુ પૂ. હરેશદાસજીએ ઉપસ્થિત સૌનો આભાર માની ધન્યભાવ ધર્યો. ◆

## સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા પ્રાગટ્યપર્વ

*** બ્રહ્મજ્યોતિ, મોગરી :** ૨૦ જૂન ૨૦૨૩-રથયાત્રાના પવિત્ર દિવસે સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાના તિથિ મુજબના પ્રાગટ્યદિનની ઉજવણી તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે ખૂબ ઉમંગપૂર્ણ હૈયે ભક્તિભાવે કરવામાં આવી. સૌએ સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાના માહાત્મ્યમાં ગરકાવ બની વિશેષ સ્મૃતિઓ કરી વંદના ધરી. રાત્રે યોગીપ્રસાદના સભાખંડમાં માહાત્મ્યદર્શન સભાનું આયોજન કરવામાં આવ્યું. સભાનું સંચાલન કરતા સાધુ પૂ. સરજુદાસે સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાનો અપાર મહિમા વર્ણવ્યો. પૂજન કરી, પુષ્પહાર અર્પણ કરી સંતોએ





શ્રી અક્ષર દેરી, માણાવદર સ્થિત શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ પર્વે સદ્‌ગુરુ સંતો દ્વારા મૂર્તિઓનાં પૂજન, પુષ્પાર્પણ, આરતી અર્પણ

ઉપસ્થિત સૌ ભક્તો વતી ભાવવંદના ધરી. સાધુઓ પૂ. મૂકેશદાસજી, પૂ. પરેશદાસજી તથા ડૉ. પૂર્વીબહેન પરમારે માહાત્મ્યગાન કરી સુંદર પ્રાર્થનાઓ ધરી. આ પ્રસંગે લૉસ ઍન્જલસ મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવમાં સેવાર્થે પધારનાર સંતો અને અક્ષરમુક્તોને ભાવભરી વિદાય આપવામાં આવી. અંતે સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકાએ પૂ. અશ્વિનદાદાના અદ્વિતીય માહાત્મ્ય પ્રસંગો વર્ણવી, તેઓના અનંત મહોદધિ ગુણોનાં દર્શન કરાવી આશીર્વાદ આપ્યા. ◆

*** લૉસ ઍન્જલસ, અમેરિકા :** સંતભગવંત સાહેબજીની પ્રત્યક્ષ ઉપસ્થિતિમાં રથયાત્રાના શુભ દિને તિથિ પ્રમાણે સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાનો પ્રાગટ્યપર્વ ઉજવાય તેવા ભાવથી ૨૪ જૂન ૨૦૨૩ના રોજ માહાત્મયદર્શન સભા આયોજિત થઈ. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાના ૮૨મા પ્રાગટ્યદિનની ઉજવણીમાં લૉસ ઍન્જલસ મંદિરે ઉપસ્થિત દેશ વિદેશના અક્ષરમુક્તો એકત્ર થયા અને પ્રાસંગિક માહાત્મ્યગાન કરી ભક્તિ અદા કરી.

સાધુ પૂ. સતીશદાસજીએ સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાનાં દિવ્ય કાર્ય અને ગુરુભક્તિભર્યા જીવનપ્રસંગોનાં વર્ણન કરી અદ્‌ભુત મહિમાગાન કર્યું. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ પ્રભુપ્રાપ્તિના માર્ગે થતી સૌની આધ્યાત્મિક યાત્રા સરળ બનાવી આપી તે ભાવનાં દર્શન સૌ કોઈએ કરાવ્યાં. આ પ્રસંગે સહજ સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાની સ્મૃતિ કરી ભાવવંદના અર્પણ કરી. અંતે સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ વરસાવી સૌને સંપ, સુહૃદભાવ એકતાથી હળીમળીને આવી રહેલ મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ તેમજ જીવનનાં પ્રત્યેક સેવાકાર્યો કરવા સમજણ પ્રદાન કરી ધન્ય કર્યાં. ◆

## ગુરુપૂર્ણિમા ઉત્સવ

ગુરુ ઋણ અદા કરવાનું, ગુરુ પ્રત્યે અનન્ય આદર અને ભક્તિપૂર્ણ સમર્પણ દર્શાવવાનું પવિત્ર પર્વ એટલે ગુરુપૂર્ણિમા ઉત્સવ ! આવા પુનિત ભાવ સાથે સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકાની દિવ્ય ઉપસ્થિતિમાં ૩ જુલાઈના રોજ તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરીમાં ગુરુપૂર્ણિમા ઉત્સવ ઉજવાયો. 'યોગીપ્રસાદ'ના વિશાળ સભાખંડમાં ભારતનાં વિવિધ મંડળો અને પ્રદેશોમાંથી મોટી સંખ્યામાં પધારેલ ભક્તોએ ગુરુપૂજન કરી ભક્તિભાવ અર્પણ કર્યા.

ગુરુ એ પ્રભુના ચરણારવિંદ છે તે ભાવનું દર્શન અદ્‌ભુત રીતે સુશોભનમાં વ્યક્ત કરાયું. મંચ પર સુશોભિત પ્રભુનાં વિશાળ ચરણારવિંદમાં સંતભગવંત સાહેબજી, સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાની મૂર્તિઓનાં સ્થાપન કરવામાં આવ્યાં. તેમજ ભગવાન શ્રી સ્વામિનારાયણની પ્રાસાદિક ચરણપાદુકા પણ બિરાજમાન કરવામાં આવી. સભાસંચાલન કરતાં સાધુ પૂ. સરજુદાસે ઉત્સવનો મહિમા ગાઈ ગુરુહરિની સ્મૃતિમાં સૌને લીન કર્યાં.

સભા પ્રારંભે જ લૉસ ઍન્જલસમાં બિરાજમાન સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાના ફોન દ્વારા આશીર્વાદ પ્રાપ્ત થયા. સંતભગવંત સાહેબજીએ સર્વાંગે સુખી થવાના અદ્‌ભુત આશીર્વાદ પ્રદાન કરતાં ભાર દઈને કહ્યું કે, 'કોઈનુંય જોયા વગર સંપ, સુહૃદભાવ અને એકતા રાખી, નિર્દોષભાવે સેવાભક્તિ કરીએ. પ્રગટ ગુરુની સ્મૃતિ સાથે શ્રી સ્વામિનારાયણ મહામંત્રની અડધો કલાક ધૂન દરરોજ કરીએ. અઠવાડિક સત્સંગસભામાં નિયમિત હાજરી આપીએ.' સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ વરસાવ્યા કે, 'ગુરુની પ્રસન્નતા જ શિષ્યનો ધ્યેય હોવો જોઈએ ! ગુરુજનો જે માર્ગે ચાલ્યા એ





રથયાત્રા–સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાના પ્રાગટ્યદિને તથા ગુરુપૂર્ણિમાના મંગલ પર્વે સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકાના આશીર્વાદ

માર્ગે ચાલવું એ પરમ ભક્તિ છે !' આ ઉપરાંત, ચાતુર્માસ નિમિત્તે સંતભગવંત સાહેબજીએ આપેલ આજ્ઞાઓનું પાલન કરવા સૌને અનુરોધ કર્યો. શિષ્યે રાખવાની જાગ્રતતા અંગે સમજ આપી અને લૉસ ઍન્જલસના મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ માટે ભક્તો દ્વારા થતી સેવાને બિરદાવી, સૌને ગુરુહરિની સ્મૃતિથી ભર્યા રહેવાનાં માર્ગદર્શન આપ્યાં.

ત્યારબાદ પ્રભુ, ગુણાતીત સ્વરૂપો અને ગુરુહરિ તથા પ્રાસાદિક ચરણારવિંદનાં પૂજન સાધુ પૂ. યજ્ઞેશદાસજીએ તથા પુષ્પહાર સાધુ પૂ. હરસુખદાસજી અને સાધુ પૂ. ગોરધનદાસજીએ અર્પણ કરી સૌ વતી વંદના ધરી. સંતભગવંત સાહેબજી, સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા, સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાની મૂર્તિઓને સાધુ પૂ. પ્રેરકદાસે પુષ્પહાર અર્પણ કરી ભાવવંદન ધર્યાં. સૌ વતી સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકાએ શ્રીજી મહારાજની પ્રાસાદિક ચરણપાદુકાનાં પૂજન કરી પુષ્પહાર અર્પણ કર્યો. આ પ્રસંગે સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાની વિશેષ સ્મૃતિ કરી તેઓના શ્રી ચરણે કીર્તનવંદના ધરી.

પ્રાસંગિક ઉદ્‌બોધન સાધુઓ પૂ. પંકજદાસ, પૂ. રવિદાસ, પૂ. કાનજીબાપાએ કરી ગુરુમાહાત્મ્યનો વિસ્તાર કર્યો. ત્રણેય સંતોએ સ્વાનુભવના પ્રસંગો વર્ણવી, ગુરુના સ્વરૂપનું સુંદર દર્શન કરાવ્યું. સંતભગવંત સાહેબજી, સદ્‌ગુરુ સંતોના નિઃસ્વાર્થ પ્રેમ, નિર્વ્યાજ કરુણા અને અપાર વિશ્વાસને મહિમાપૂર્ણ ભાવે વ્યક્ત કર્યો. ગુરુ પ્રત્યેની શ્રદ્ધા અચળ રહે તે માટેનાં સુંદર માર્ગદર્શન આ સંતોએ પ્રદાન કર્યાં. આ દિવ્ય અવસરે અનુપમ સૂરવૃંદના સંતો-ભક્તોએ પણ ગુરુમાહાત્મ્યનું ગાન કરતાં કીર્તનો પ્રસ્તુત કરી ગુરુભક્તિ અદા કરી.

સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકાએ યોગીજી મહારાજ અને સંતભગવંત સાહેબજીના અપાર મહિમાનાં અદ્‌ભુત ગાન કરી આશીર્વાદ પ્રદાન કરતાં જણાવ્યું કે, 'ગુરુપૂજન કરવાનો, ગુરુદક્ષિણા આપવાનો આજનો દિવસ છે ! બ્રહ્માંડનાં સઘળાં સુખ અધૂરાં છે, ગુરુના ચરણમાં જ શાશ્વત અને સંપૂર્ણ સુખ છે. ગુરુની આજ્ઞાનું પાલન એ જ સાચું ગુરુદર્શન અને ગુરુપૂજન છે !' તેમજ પૂ. રતિકાકાએ 'વડીલો સત્સંગ કરશે તો બાળકો સત્સંગ કરશે અને તો જ વ્યસન અને કુસંગથી તેઓની રક્ષા થશે' તેવી પાયાની વાત પણ દૃષ્ટાંત આપીને સમજાવી. ત્યારબાદ આ પ્રસંગે દૂર દૂરથી પધારેલ સૌ ભક્તોએ ગુરુપૂજનનો લાભ લીધો અને અંતરની ભાવના દક્ષિણા સ્વરૂપે અર્પણ કરી ગુરુભક્તિ અદા કરી. સંતભગવંત સાહેબજી, સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા સ્થૂળ દેહે પ્રત્યક્ષ ઉપસ્થિત ન હોવા છતાં પણ ભક્તોએ સંતોમાં તેઓનાં દર્શન કરી ગુરુવંદના ધરી. ◆

## શ્રદ્ધાંજલિ



*** પૂ. મૂકેશભાઈ કઢીવાલા :** અમેરિકાના ઍલનટાઉનમાં નિવાસ કરતા મુક્તરાજ મૂકેશભાઈ કઢીવાલા ૧૮ જૂન ૨૦૨૩ના રોજ અક્ષરધામ સિધાવ્યા. મૂકેશભાઈ મૂળ સુરત-દક્ષિણ ગુજરાતના, પરંતુ ઘણાં વર્ષોથી અમેરિકામાં સ્થાયી થયા. તેઓ બાહોશ ચાર્ટર્ડ ઍકાઉન્ટન્ટ હતા અને સર્વાંગે સમૃદ્ધ હતા. પ્રભુએ આપેલી સમૃદ્ધિનો તેઓએ અનુપમ મિશનનાં મંદિરો, સંતો અને સત્સંગીઓ અર્થે સર્વશ્રેષ્ઠ ઉપયોગ કર્યો. અનુપમ મિશન દ્વારા અમેરિકા, ઈંગ્લૅન્ડ કે પછી ભારતમાં ઉત્સવ ઉજવાતા હોય તો મૂકેશભાઈની સેવા અચૂક પ્રાપ્ત થઈ જ હોય તેવી તેઓની ઉદાર ભાવના હતી ! સંતભગવંત સાહેબજી, સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા, સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદા માટે તેમને અપાર પ્રેમ હતો. સૌ સંતો સાથેનો તેઓનો નાતો અનેરો હતો. મૂકેશભાઈએ સંતભગવંત સાહેબજી સાથે સર્વોપરીભાવે પ્રીતિથી જોડાઈ તેઓએ જીવનો સત્સંગ કર્યો. સંતભગવંત સાહેબજીના સાંનિધ્યમાં તેઓને વિશ્વસમસ્તનાં સુખ, શાંતિ અને આનંદની અનુભૂતિ થતી. તેઓએ પોતાના વિશાળ પરિવારનાં સભ્યોને સંતભગવંત સાહેબજી સાથે જોડી સૌનાં કલ્યાણની ખેવના કરી. ગુરુહરિની સ્મૃતિથી સદાય ભર્યા રહીને તેઓએ જીવનને ગુરુ-અનુવૃત્તિમાં વિતાવ્યું. તેઓ પ્રભુની ગોદમાં બિરાજ્યા પણ પ્રેમ, ઉદારતા અને સત્સંગનો ગુણવારસો પરિવારનાં સૌને આપતા ગયા. તેઓની અંતિમ સંસ્કારવિધિમાં સંતભગવંત સાહેબજીએ પધારી પરિવારજનોને શાતા અર્પી અને મૂકેશભાઈની સેવા-ભક્તિની ભાવનાને બિરદાવી. તેઓનાં ધર્મપત્ની ચેતનાબહેન, દીકરો જય અને દીકરી રોશનીએ પ્રભુનું કર્તાપણું સ્વીકારી મૂકેશભાઈના સંસ્કાર-વારસાને દિપાવ્યો છે. પ્રેમાળ, નિખાલસ, પ્રફુલ્લિત અને વિશાળ હૃદયી મૂકેશભાઈને અંતરની વંદના સાથે ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ ! ◆